**સંઘ પ્રદેશ દાદરા અને નગરહવેલી અને દમણ અને દીવ,**
**સહાયક મત્સ્યોધોગ અધીક્ષક કાર્યાલય,**
**દીવ**

**************************************************

સં. એએસએફડી/79/NFDP/2024-25/ 1504 તારીખ :- 06/11/2024

# સાર્વજનિક સૂચના

દીવ જીલ્લા ના બોટ માલિકો, માછીમાર ભાઇઓ, ફિશિંગ બોટનું સંચાલનકર્તા, જથ્થાબંધ તથા છુટક માછલીના વેપારીઓ તથા મત્સ્યોધોગ સાથે સંકળાયેલ તમામ માછીમાર ભાઇઓ અને બહેનોને જણાવવાનું કે ભારત સરકારશ્રી તરફથી મળતી જન કલ્યાણ યોજનાઓ નો લાભ વધુ ને વધુ માછીમાર મેળવી શકે તે હેતુ થી નેશનલ ફીશરીઝ ડીઝીટલ પ્લેટફોર્મ (NFDP Portal) ભારત સરકારશ્રી દ્વારા એક નવી પહેલ છે. NFDP એ PM-MKSSY જે PMSSY હેઠળ તૈયાર કરવામાં આવેલ છે. જેમાં દાદરા નગર હવેલી અને દમણ અને દીવ જિલ્લા ના મત્સ્યોધ્યોગ સાથે સંકળાયેલા લોકો જેમકે બોટ માલિકો, માછીમારો, માછીમારી ના કાર્ય સાથે સંકળાયેલા કામદારો, વિક્રેતાઓ અને પ્રોસેસર્સ સહિત માઇક્રો અને નાની-માછીમારી સાથે સંકળાયેલા ધંધાર્થીઓ, પ્રોસેસીંગ પ્લાન્ટ/ફીડમિલ પ્લાન્ટ/કોલ્ડ સ્ટોરેજ/ફિશ ફિડ પ્લાન્ટ/ હેચરી અને મત્સયોધોગ સંલગ્ન કંપનીઓ તથા મત્સયોધોગ સહકારી મંડળીઓ ને નેશનલ ફીશરીઝ ડીઝીટલ પ્લેટફોર્મ (NFDP Portal) ઉપર નોંધણી અનિવાર્યપણે કરાવવાની રહેશે અને તેનું પ્રમાણપત્ર ડાઉનલોડ કરી લેવાનું રહેશે. ભવિષ્યમાં ફીશરીઝ ની કોઇપણ યોજનાઓનો લાભ NFDP Portal ઉપર નોંધણી થયેલ હોય તેમજ તેનું પ્રમાણપત્ર હોય તેવા સક્રિય માછીમારોને તેમજ મત્સ્યોધોગ સાથે સંકળાયેલ તમામ માછીમાર ભાઇઓ અને બહેનોને મળવાપાત્ર રહેશે તેની જાણ કરવામાં આવે છે.

દીવ જીલ્લાના માછીમાર ભાઇઓ તેમજ માછીમારી પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ભાઇઓ-બહેનોને નેશનલ ફીશરીઝ ડીઝીટલ પ્લેટફોર્મ (NFDP Portal) રજિસ્ટ્રેશન માટે પોતાના જરૂરી ડોક્યુમેન્ટ જેમકે આધાર કાર્ડ પ્રતિ, બેન્ક ખાતા પ્રતિ, આધાર કાર્ડ સાથે લિન્ક મોબાઇલ નંબર સાથે મત્સ્યોધ્યોગ કચેરી, દીવ અથવા મત્સ્યોધ્યોગ કચેરી, વણાકબારા માં કરાવવાનું રહેશે તેમજ સ્વયં પણ ઓનલાઇન વેબસાઇટ (NFDP site – nfdp.dof.gov.in/nfdp/#/registration/individual પર રજિસ્ટ્રેશન કરી શકે છે અને પ્રમાણપત્ર ડાઉનલોડ કરી તેની પ્રતિ મત્સ્યોધ્યોગ કચેરી એ આપવાની રહેશે.

(સુકર આંજણી )
સહાયક મત્સ્યોધ્યોગ અધીક્ષક, દીવ
ઈમેલ- fish-diu-dd@nic.in
Tel No. 02875-252859

સેવામાં,

1. પ્રમુખશ્રી, દીવ જીલ્લા મત્સ્ય કો.ઓ.સોસાયટીઓ } જાણકારી તથા વધુમાં વધુ
2. પ્રમુખશ્રી, દીવ જીલ્લા માછીમાર એસોશિયેસન, વણાકબારા }
3. પ્રમુખશ્રી, માછીમાર એસોશિયેસન, વણાકબારા, સાઉદવાડી, બુચરવાડા,ઘોઘલા,દીવ } પ્રચાર- પ્રસાર માટે
4. "દીવસાગર" મોબાઇલ એપ ના Circular મેનૂ દ્વારા દરેક બોટ માલિકોને જાણકારી

પ્રતિલિપિ પ્રેષિત:-

1. માનનીય કલેકટર સાહેબ, કલેકટર કચેરી, દીવ } ........... જાણકારી માટે
2. નિદેશક અને ઉપ સચિવ (મત્સ્યોધ્યોગ), દમણ }